આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કૃપાલી મહેચ્છા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-09-08-2024 સમય:-સવારે 6.50 કલાકે

---------------------------------------------------------------------------

## દેવભૂમિ દ્વારકા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે દેવભૂમિદ્વારકા જિલ્લા ખાતે **75**મા વન મહોત્સવનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. જે અંતર્ગત મુખ્યમંત્રીએ ગાંધવી ગામે હરસિદ્ધિ વનનું લોકાર્પણ કર્યું હતું. જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ હરસિદ્ધિ મંદિર નજીક આ વનેનું નિર્માણ કરવામાં આવ્યું છે. સમુદ્રની નજીક વિશાળ જગ્યામાં બનેલા આ સુંદર વનને લોકો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

**RNU** અમદાવાદ

---------------------------------------------------------------------------

## હર ઘર તિરંગા

રાજ્ય સહિત દેશભરમાં હર ઘર તિરંગા અભિયાનનો ગઈકાલથી આરંભ થયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના પોતાના નિવાસસ્થાનેથી ત્રિરંગો લહેરાવી "હર ઘર તિરંગા અભિયાન"નો પ્રારંભ કરાવ્યો હતો.. રાજ્યમાં **15** ઓગસ્ટ સુધી આ અભિયાનની ઉજવણી કરવામાં આવશે. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરામાં તિરંગા યાત્રા યોજાશે.. રાજ્યમાં આ અભિયાન અંતર્ગત **40**થી **50** લાખ તિરંગાનું વિતરણ કરાશે.

આ વર્ષે "હર ઘર તિરંગા અભિયાન" અંતર્ગત રાજ્યભરમાં તિરંગા રેલી, તિરંગા યાત્રા, તિરંગા રન, તિરંગા કૉન્સર્ટ, તિરંગા કેનવાસ, તિરંગા શપથ, તિરંગા સેલ્ફી તેમ જ તિરંગા મેળા જેવા વિવિધ કાર્યક્રમ યોજવામાં આવશે.

**RNU** અમદાવાદ

---

## નાગ પંચમી મેળો

વર્ષો જૂની રાજ પરંપરા મુજબ આજે નાગપંચમી નિમિત્તે રાજ પરિવારમાંથી **20** જેટલા પ્રતિનિધિ પૂજનવિધિ માટે પ્રાગમહેલ-દરબાર ગઢથી ભુજિયા ડુંગર જવા પ્રયાણ કરશે. ભુજિયા ડુંગર ઉપર ભુજંગદેવ ખેતરપાળ દાદાના મંદિરે કચ્છ રાજવી પરિવારના મોભી પ્રીતિદેવીની સૂચનાનુસાર પૂજા અર્ચના કુંવર ઇન્દ્રજિતસિંહજી જાડેજાના હસ્તે સવારના **9.30** કલાકે કરવામાં આવશે. ત્યારબાદ રાજપરંપરા મુજબ ભુજંગદેવના પૂજારી વાઘજીભાઈ સંજોટ કુંવરને તિલક કરશે. સર્વે જ્ઞાતિના લોકો ખેતરપાળ દાદાના દર્શન કરી ભુજંગદેવના આશીર્વાદ મેળવશે. ભુજિયાની તળેટીમાં મેળો યોજાશે જે સાથે શ્રાવણી મેળાઓનો પ્રારંભ થશે.

રિપીટ

---

## દિન દયાલ પોર્ટ કંડલા

પ્રભારીમંત્રી પ્રફુલ પાનશેરિયાએ ગાંધીધામ ખાતે દિનદયાળ પોર્ટ - કંડલા પોર્ટની મુલાકાત લઈને પોર્ટ કામગીરી અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી. પોર્ટના ચેરમેન સુશિલકુમાર સિંઘે પોર્ટ ખાતે આયાત નિકાસની પ્રક્રિયા અંગે માહિતી આપી હતી. પ્રભારીમંત્રીએ કંડલા પોર્ટ દ્વારા ગાંધીધામ શહેરના વિકાસ માટે કરવામાં આવી રહેલા પ્રયાસોને બિરદાવ્યા હતા. તો દિનદયાળ પોર્ટ ઓથોરિટી તરફથી ગોપાલપુરી કેન્દ્રિય વિદ્યાલયને આપવામાં આવેલા સહયોગને આવકારદાયક પહેલ ગણાવી હતી. પ્રભારીમંત્રીએ દિનદયાળ પોર્ટ સી.એસ.આર અંતર્ગત આયોજિત ગુરૂ નાનક સ્કૂલના વિદ્યાર્થીઓને પ્રોજેક્ટર અને લેપટોપ વિતરણના કાર્યક્રમ હાજરી આપી હતી.

પરેશ મારૂ

---

## ભાલા ફેંક ઓલિમ્પિક ચંદ્રક

ભાલા ફેંકમાં ભારતના નીરજ ચોપરાએ પેરિસ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો છે. 26 વર્ષના નીરજે બીજા પ્રયાસમાં સિઝનનો સર્વશ્રેષ્ઠ 89.45નો સ્કોર કર્યો. તેણે સિઝનનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું હતું. સતત બે ઓલિમ્પિકમાં નીરજે ચંદ્રક જીત્યો છે. ટોક્યો ઓલિમ્પિકમાં નીરજ ચોપડાએ સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો.

અશરફ નથવાણી

---

## પેરીસ કાંસ્યચંદ્રક

પેરિસ ઓલિમ્પિકમાં ભારતે સ્પેનને 2-1થી હરાવી હોકીમાં કાંસ્ય ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો છે. ભારતે સતત ચોથી વખત કાંસ્યચંદ્રક જીત્યો છે. મેચ અત્યંત રસાકસીભરી રહી હતી. મેચની શરૂઆતમાં ભારત પાછળ રહ્યું હતું પરંતુ કેપ્ટન હરમનપ્રિત સિંહે બે પેનલ્ટી કોર્નર પર ગોલ કરતાં ભારતે મેચ જીતી લીધી હતી.

અશરફ નથવાણી

---

## રાજ્ય વરસાદ

રાજ્યમાં અત્યાર સુધીમાં 68 ટકાથી વધુ વરસાદ વરસ્યો છે.. સૌથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાતમાં 82.67 ટકા જ્યારે સૌથી ઓછો પૂર્વ મધ્ય ગુજરાતમાં 49 ટકા જેટલો વરસાદ નોંધાયો છે..

રાજ્યના જળશયોની સ્થિતિની જાહેર થયેલી સત્તાવાર માહિતી અનુસાર સરદાર સરોવર ડેમમાં અત્યાર સુધીમાં 66.44 ટકા જેટલો જળસંગ્રહ થયો છે.. જ્યારે અન્ય 206 જળાશોયમાં 60.70 ટકા પાણીનો સંગ્રહ થયો છે. જેમાં 61 ડેમ હાઇએલર્ટ પર, 14 એલર્ટ અને 12 ચેતવણી પર રખાયા છે. વરસાદ દરમિયાન, રાજ્યભરમાં અત્યાર સુધીમાં 86.13 ટકા ખરિફ પાકનું વાવેતર થયું છે..

RNU અમદાવાદ

---